**CC NO.3288/2021**
**(જજમેન્ટ)**

GJSR08-003369-2021

सत्यमेव जयते

| | |
|---|---|
| ફોજદારી કેસ નં. | ૩૨૮૮/૨૦૨૧ |
| આંક | |

## –:: નમૂના – એ ::–

| | |
|---|---|
| **મહુવાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મહુવા, જિ.સુરત.** | |
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | ઈ.પી.કો.ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજિ.નં.એ–પાર્ટ.૧૧૨૧૪૦૩૧૨૧૦૨૮૪/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન | મહુવા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે રજૂઆત | એ.પી.પી. શ્રી એમ.યુ.પટેલ |
| આરોપી | રીંકુ ચિત્તબહાલ યાદવ<br>રહે. ડુંગરા, ડુંગરી ફળીયુ, તા.વાપી, જિ.વલસાડ.<br>મુળ રહે. ઉછહિલપુર પોસ્ટ કલાપુર થાના. ખુંટાહણ, તા.શાહગંજ, જિ.જોનપુર (ઉત્તરપ્રદેશ) |
| બચાવપક્ષ તરફે રજૂઆત | વિ.વકીલશ્રી આર.એમ.રાઠોડ |

**-:: નમૂના – બ઼ી ::-**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૩/૦૧/૨૦૨૧ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૩/૦૨/૨૦૨૧ |
| આખરી અહેવાલની તારીખ | ૨૯/૧૧/૨૦૨૧ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૨૨/૦૮/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૭/૧૧/૨૦૨૨ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૪/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**:: આરોપીની વિગત ::**

| અનુ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | ફો.કા. સં. ની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રીંકુ ચિત્તબહાલ યાદવ | ૧૯/૦૨/૨૦૨૧ | ૨૦/૦૨/૨૦૨૧ | ઇ.પી.કો.ની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ | નિર્દોષ | - | - |

**-:: નમુના – સી :: -**

**:: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે મૌખિક પુરાવા ::**

## (એ) ફરિયાદપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :-

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| | | **મુખ્ય સાહેદો** | |
| ૦૧ | ૦૪ | પરેશભાઇ બાબુભાઈની જુબાની | ફરિયાદી |
| | | **સ્વતંત્ર સાહેદો** | |
| ૦૨ | ૦૬ | ભરતભાઇ દયાળજીભાઈની જુબાની | સ્વતંત્ર સાહેદો |
| ૦૩ | ૦૭ | જયેશકુમાર રમેશચંદ્રની જુબાની | |
| ૦૪ | ૦૮ | શૈલેષભાઇ રમણભાઇની જુબાની | |
| ૦૫ | ૦૯ | પ્રદિપકુમાર દુર્લભભાઈની જુબાની | |
| ૦૬ | ૧૦ | રમેશભાઇ કરશનભાઇની જુબાની | |
| ૦૭ | ૧૧ | નવિનભાઇ બાબુભાઇની જુબાની | |
| ૧૦ | ૨૩ | ચક્રપાની સુધીશપ્રસાદની જુબાની | |
| | | **પંચસાહેદો** | |
| ૦૮ | ૧૪ | દેવેન્દ્રભાઇ ઈશ્વરભાઈની જુબાની | (આંક-૧૫) ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| | | **પોલીસ સાહેદ** | |
| ૦૯ | ૨૧ | ભવરસિંહ સારંગજીની જુબાની | તપાસ કરનાર અમલદાર |

## (બી) બચાવપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :-

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| - | - | - | - |

## (સી) કોર્ટ તરફેના સાહેદોનું લીસ્ટ :-

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| - | - | - | - |

## :: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવા ::

### (એ) ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૫ | ફરિયાદ |
| ૨ | ૧૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૬–૧૭ | મેડીકલ સર્ટી |
| ૪ | ૧૮ | પી.એમ નોટ |
| ૫ | ૧૯ | મરણોતર પંચનામું |
| ૬ | ૨૦ | એફ.એસ.એલ રિપોર્ટ |

### (બી) બચાવપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## :: મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ ::

| અનું. નં. | વિગત |
|---|---|
| – | – |

## --// ઠ રા વ //--

(૧) ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, ગઇ તા.૧૩/૦૨/૨૦૨૧ ના રોજ કલાક ૧૫/૧૫ વાગ્યાના સુમારે મોજે કુલવાડી ગામે તળાવ પાસે આવેલ વળાંકમાં જાહેર રોડ ઉપર આ કામના આરોપીએ પોતાની ટ્રક ગાડી જેનો રજિસ્ટર નં.DN-09-U-9615 ની

પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવી મોટર સાયકલ જેનો રજિસ્ટર નં.GJ-19-AR-8534 ને પાછળથી ટકકર મારી મોટર સાયકલ ચાલકને ડાબા હાથે ફ્રેકચર કરી તેમજ પાછળ બેઠેલ જગદીશભાઇ બાબુભાઈ ગરાસીયાનું મોત નિપજાવી તથા બીજા ઇસમને ઓછી વત્તી ઈજાઓ કરી ટ્રક ગાડી મુકી નાસી જઇ ગુનો કરેલ છે જેથી તેઓની વિરુદ્ધ મહુવા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૪૦૩૧૨૧૦૨૮ ૪/૨૦૨૧ અન્વયે ઇ.પી.કો.ની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો નોંધી તેની વિરુદ્ધ તપાસ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા ચાર્જશીટ રજીસ્ટરે લઇ આરોપીને સમન્સની બજવણી થતા આરોપી તેના વિ.વ.શ્રી મારફત નામ.કોર્ટમાં હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલિસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ છે અને આરોપીની આંક-૩ થી પ્લી લેતા જેમાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલ છે. આથી આરોપી સામે આગળની ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયેલાનું મૌખિક રીતે જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામે ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમા આરોપીએ ફરિયાદપક્ષની મહત્તમ હકીકતોનો ઇન્કાર કરી, સોગંદ ઉપર પુરાવો આપવો નથી, બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે અમો નિર્દોષ છીએ.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી જે નીચે મુજબ છે.

આ કામે ફરિયાદી તથા અન્ય સાક્ષીઓને તપાસવામાં આવેલ

છે ફરિયાદીએ તેની પોતાના ફરિયાદને સમર્થન આપેલ છે અને ઉલટતપાસમાં આરોપી પક્ષ દ્વારા તેનો ખંડન કરવામાં આવેલ હોય આ કામે ભરતભાઈએ પણ ફરિયાદીના સમર્થનમાં જુબાની આપેલ છે અને ટ્રક ચાલક પૂરઝડપે વાહન ચલાવતો હતો તેવી હકીકત દર્શાવેલ છે. આ કામે ઈન્કવેન્ટ પંચનામું તથા પી.એમ.નોટમાં મરણજનારનું કારણ અકસ્માત જણાઈ આવે છે તેથી નામદાર કોર્ટે આ કામના આરોપીને સખતમાં સખત સજા કરવા વિનંતી કરેલ છે.

ત્યારબાદ આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. આ કામે ફરિયાદપક્ષે એ હકીકત પુરવાર કરેલ નથી કે આ કામનો આરોપી જ ટ્રક ચલાવતો હતો અને તેની ભૂલના કારણે અકસ્માત બનેલો છે. આ કામે ફરિયાદી તેની ફરિયાદ તથા જુબાનીમાં આરોપીને ઓળખી બતાવેલ નથી કે આરોપીનું નામ પણ જણાવેલ નથી. આ કામે જે સ્વતંત્ર સાહેદો તપાસેલા છે તેઓએ ટ્રકનો નંબર અને ટ્રક ડ્રાઈવરનો નામ પણ જણાવેલ નથી તેથી ઈ.પી.કો. કલમ-૩૦૪(અ) અન્વયે તે પુરવાર કરવુ પડે કે આ કામના આરોપી દ્વારા જ અકસ્માત બનેલ હતો, પરંતુ તે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ થયેલ છે તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૫) આ કેસના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.

**(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૧૩/૦૨/૨૦૨૧ ના રોજ કલાક ૧૫/૧૫ વાગ્યાના સુમારે મોજે કુલવાડી ગામે તળાવ પાસે આવેલ વળાંકમાં જાહેર રોડ ઉપર આ કામના આરોપીએ પોતાની ટ્રક ગાડી જેનો રજિસ્ટર નં.DN-09-U-9615 ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવી મોટર સાયકલ જેનો રજિસ્ટર નં.GJ-19-AR-8534 ને પાછળથી ટકકર મારી મોટર**

**સાયકલ ચાલકને ડાબા હાથે ફ્રેકચર કરી તેમજ પાછળ બેઠેલ જગદીશભાઈ બાબુભાઈ ગરાસીયાનું મોત નિપજાવી તથા બીજા ઈસમને ઓછી વત્તી ઈજાઓ કરી ટ્રક ગાડી મુકી નાસી જઈ, ઈ.પી.કો.ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે?**

**(૨) શું હુકમ?**

(૬) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિદ્ધાંત અનુસાર કોઈપણ ફોજદારી પ્રકારની શરૂઆતની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે ત્યારે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવાની છે. પ્રથમ અનુમાનમાં આરોપીએ કરેલ ગુનામાથી તે નિર્દોષ છે તે અનુમાન સાથે ફોજદારી પ્રકારની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવતી હોય છે. આરોપી વિરુદ્ધ કરવામાં આવતાં આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને તે જવાબદારી કોઈપણ સંજોગોમાં ઓછી થતી નથી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનાં મુલ્યાંકન સાથે ઝીણવટપુર્વક અભ્યાસ કરી નિર્ણય ઉપર પહોંચવાનું હોય છે. આમ, હાલનાં ગુનામાં આરોપી વિરુદ્ધની હકીકતો નિઃશંકપણે સાબિત કરવાં અંગેનો પુરાવો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે.

**--- કારણો ---**

**મુદા નં.૧**

(૮) સદર કામે ફરિયાદપક્ષે આરોપી સામેનો હાલનો ગુનો પુરવાર કરવા માટે આંક-૪ થી ફરિયાદી પરેશભાઈ બાબુભાઈને સોગંદ પર

તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "બનાવ ૧૩/૦૨/૨૦૨૧ ના રોજ બનેલો. બનાવ સમયે હું મારા કવાર્ટસ વલસાડ મુકામે હતો. ત્યારબાદ આશરે સાડા ત્રણેક વાગ્યાના સમયે મારા ઉપર જયેશભાઈ રમેશચંદ્ર પટેલ નાઓનો ફોન આવેલ અને જણાવેલ કે તમારા નાના ભાઈ જગદીશભાઈનુ કુલવાડી તળાવ પાસે એકસીડન્ટ થયેલ છે એવી માહિતી મળતા હું કુલવાડી મુકામે અકસ્માત વાળી જગ્યાએ ગયેલ અને ત્યા જોતા અકસ્માતવાળી જગ્યાએ ઘણા બધા લોકો હાજર હતા ત્યાં હાજર લોકો પાસેથી મને જાણવા મળેલ કે મારા નાના ભાઈ જગદીશભાઈ મારા મામાના ઘરે શેખપુર ગયેલ હતો અને ત્યાંથી મારા મામાનો દિકરો ભરતભાઈ દયાળજી નાઓ તેમના હવાલા વાળો મોટર સાયકલ જેનો રજી. નંબર જી.જે.૧૯.એઆર.૮૫૩૪ નુ લઈ તેમના છોકરા શીવમ સાથે મારા ભાઈ જગદીશને કુલવાડી મુકવા આવતા હતા તે વખતે આશરે ત્રણેક વાગ્યાના અરસામાં કુલવાડી તળાવ પાસે આવેલ વળાંકમાં ટાટા હાઈવા ટ્રક રજીસ્ટર નંબર ડી.એન.૦૯.યુ.૯૬૧૫ ના ચાલકે વધુ સ્પીડમાં ચલાવી ભરતભાઈના કબ્જાની મોટર સાયકલને પાછળના ભાગે ટક્કર મારી રોડ ઉપર નીચે પાડી દઈ મારા ભાઈ જગદીશભાઈના માથા ઉપરથી ટ્રકનુ વ્હીલ ચઢાવી દઈ મોત નીપજાવી તથા મારા મામાના છોકરા ભરતભાઈને ડાબા હાથે ફેકચર કરેલ તથા ભરતભાઈના દિકરા શીવમને ડાબા પગ ઉપર ઈજા પહોચાડેલ અને ટ્રક ચાલક ટ્રક મુકી નાશી ગયેલ અને ત્યાં હાજર લોકોમાંથી કોઈકે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવેલ અને ઈજા પામનાર ભરતભાઈ તથા શીવમને સારવાર માટે બારડોલી હોસ્પીટલમાં લઈ ગયેલ અને ત્યાંથી સુરત મુકામે લઈ ગયેલ. આ બનાવની મે મહુવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. મને ફરિયાદ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છું કે તેમાં મારી સહી છે જે હું ઓળખુ છું. સદર ફરિયાદને રજુ દાખલ આંક-૫ આપવામાં આવે છે."

ત્યારબાદ સદરહુ ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા ફરિયાદી જણાવે છે કે "એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારે હું મારા ઘરે વલસાડ મુકામે હાજર હતો. એ વાત ખરી

છે કે જયેશભાઈએ ફોન કરતા મને બનાવની જાણ થયેલ. એ વાત ખરી છે કે બનાવ કેવી રીતે બન્યો અને કોની ભુલના કારણે બન્યો તે મે નજરે જોયેલ નથી."

(૮.૧) વધુમાં ફરિયાદપક્ષે આંક–૬ થી સાહેદ ભરતભાઇ દયાળજીભાઇને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "બનાવ ૧૩/૦૨/૨૦૨૧ ના રોજ બનેલો. બનાવના દિવસે હું મારી મોટર સાયકલ લઈને કુલવાડી મુકામે મારા નાના દિકરા જયનેશ તથા મારા ભાણેજ જગદીશ નાઓ સાથે જતા હતા તે વખતે હું મારી ડાબી સાઈડે જતો હતો તે વખતે એક ટ્રક ચાલકે મારી મોટર સાયકલને પાછળથી ટક્કર મારેલ જેથી મારી મોટર સાયકલ જમણી સાઈડે રોડ ઉપર આવી ગયેલ અને હું ટ્રકમાં વચ્ચેની સાઈડે ફસાઈ ગયેલ અને ટ્રક ચાલક અમને આશરે દસેક ફુટ જેટલો ઘસડી ગયેલ અને મારી મોટર સાયકલ ટ્રકની આગળની સાઈડે ફસાઈ ગયેલ તે વખતે જગદીશભાઈ નાઓ ટ્રકના સ્પેર વ્હીલ વચ્ચે ફસાઈ ગયેલ અને સ્થળ ઉપર ગુજરી ગયેલ. મને અકસ્માત કરનાર ટ્રકનો નંબર યાદ નથી પરંતુ ટ્રકના ડ્રાઈવરનુ નામ રીન્કુભાઈ ચિત્તબહાલ નાઓ હતા મે જાણેલુ. આ ટ્રકના ચાલક પોતાનુ કબ્જાનુ વાહન પુરઝડપે ચલાવતા હતા. બનાવ સમયે મને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સરકારી હોસ્પીટલ મહુવા મુકામે લઈ ગયેલ અને ત્યાંથી બારડોલી સરદાર હોસ્પીટલમાં લઈ ગયેલ અને ત્યાંથી સુરત યુનાઈટેડ ગ્રીન હોસ્પીટલ મુકામે લઈ ગયેલ અને ત્યાં નવેક દિવસ સારવાર લઈ મને ડિસ્ચાર્જ કરેલ. પોલીસે મારૂ નિવેદન લીધેલ."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા સાહેદ જણાવે છે કે "બનાવ બન્યા આશરે દસેક દિવસ પછી પોલીસે મારો જવાબ લીધેલો. એ વાત ખરી છે કે સમન્સ બજીવણી થતા હુ નામદાર કોર્ટમાં હાજર થયો છું. એ વાત ખરી નથી કે તે સમન્સમાં આરોપીનુ નામ લખેલ હતુ તેથી મને ખબર પડેલ કે આરોપીનુ

નામ રીન્કુ ચિત્તબહાલ છે. એ વાત ખરી છે કે મહુવાથી ધોળીકુઈ જતા વળાંક પાસે બનાવ બનેલો. એ વાત ખરી છે કે વળાંકમાં પુલ પુરો થાય ત્યાં પણ બમ્ફ આવેલો છે અને વળાંક પુરો થાય ત્યાં પણ બમ્ફ આવેલો છે. એ વાત ખરી નથી કે વળાંક પાસે એક ટ્રક જતી હતી તેને ઓવરટેક કરવા જતા આ બનાવ બનેલો. એ વાત ખરી છે કે પહેલો બમ્ફ પુરો થતા સામેથી કયુ વાહન આવે તેવી ખબર પડતી નથી તેવુ વળાંક આવેલો છે. એ વાત ખરી છે કે બમ્ફ પુરો થતા બીજો વળાંક આવે છે. એ વાત ખરી નથી કે એ વળાંક પાસે ટ્રકને ઓવરટેક કરતી વેળા આગળ જતા સામેથી વાહન આવતુ જોતા મારૂ વાહન બ્રેક કરતા ડ્રાઈવર સાઈડે વચ્ચેના સ્પેર વ્હીલમાં અથડાઈ જતા બનાવ બનેલો. એ વાત ખરી નથી કે સ્પેર વ્હીલમાં અથડાઈ જતા જગદીશભાઈ અંદરના વ્હીલમાં ફેકાઈ ગયેલા અને હું અને મારો દિકરો બહારની સાઈડે ફેકાઈ ગયેલા. એ વાત ખરી છે કે અકસ્માત થતા જગદીશભાઈ ગુજરી ગયેલા અને હું બેભાન થઈ ગયેલો. એ વાત ખરી છે કે બનાવ સમયે બેભાન થઈ જવાથી ટ્રકનો નંબર અને ટ્રકના ચાલકને મે જોયેલ નહી. એ વાત ખરી છે કે ટ્રકનો નંબર મને પાછળથી જાણવા મળેલુ. એ વાત ખરી નથી કે ટ્રકની ઓવરટેક કરવા જતા મારી ભુલના કારણે બનાવ બનેલો અને કોર્ટમાં ખોટી જુબાની આપુ છું."

(૮.૨) વધુમાં ફરિયાદપક્ષે આંક-૭ થી સાહેદ જયેશકુમાર રામચંદ્ર પટેલને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "બનાવ સને – ૨૦૨૧ ની સાલમાં બનેલ. બનાવના દિવસે શનીવાર હોય હું શાળાએથી કુલવાડી ગામે પરત આવતાં ખબર પડેલ કે મારા કાકાના દિકરા જગદીશભાઈનાઓનું કુલવાડી તળાવ પાસે આવેલ વળાંકમાં અકસ્માત થયેલ છે. જેથી હું અકસ્માતવાળી જગ્યાએ ગયેલ અને જોયું તો જગદિશભાઈનાઓને ઈજા થયેલ અને તેઓ મરણ ગયેલ હાલતમાં પડેલ હતા તેઓને માથાના ભાગે વાગેલ. જગદિશભાઈનાઓ તેમના મામાના દિકરા સાથે મો.સા. ઉપર ઘરે પરત આવતા હતા તે વખતે એક ટ્રક જેનો

નંબર ઘણો સમય થઇ ગયેલ હોય મને યાદ નથી. તેની સાથે થયેલ. અકસ્માતમાં જગદિશભાઇનાઓ ટ્રકના વ્હીલ નીચે ચકદાઇ ગયેલ અને હું જયારે બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યારે ટ્રક સ્થળ ઉપર પડેલ હતી. ત્યાં હાજર લોકો દ્બારા મને જાણવા મળેલ કે ટ્રક ચાલક પોતાની ટ્રક પુરઝડપે હંકારતો હોય અને તેની બેદરકારી તથા ભુલના કારણે આ બનાવ બનવા પામેલ. ટ્રક ચાલક કોણ હતો તેની મને ખબર નથી. બનાવ સમયે મો.સા. આગળ ચાલતી હતી અને ટ્રક ચાલકે મો.સા.ને પાછળથી ટકકર મારેલ હોવાનું મને જાણવા મળેલુ. ટ્રક ચાલક અકસ્માત કરી સ્થળ ઉપરથી ભાગી ગયેલ. મો.સા. ઉપર સવાર ભરતભાઇનાઓને હાથના ભાગે ફ્રેકચર થયેલ અને તેના દિકરા શિવમનાઓને પગના ભાગે ઈજા થયેલી. તપાસના કામે પોલીસે મારો જવાબ લીધેલ."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્બારા ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

(૮.૩) વધુમાં ફરિયાદપક્ષે આંક–૮ થી સાહેદ શૈલેષભાઇ રમણભાઈને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "બનાવ સને – ૨૦૨૧ ની સાલમાં બનેલ. બનાવના દિવસે હું મારી મો.સા.માં પેટ્રોલ પુરાવવા માટે મહુવા આવેલ હતો અને ત્યાંથી પેટ્રોલ પુરાવી ત્રણેક વાગેના અરશામાં હું ધરે પરત આવતો હતો તે વખતે કુલવાડી ગામે તળાવ પાસે આવેલ વળાંકમાં અકસ્માત થયેલ હતો. અકસ્માત એક મો.સા. અને ટ્રક વચ્ચે થયેલ હતો અને ત્યાં ધણા લોકો ભેગા થઇ ગયેલ હતાં. જેથી હું મારી મો.સા. ઉભી રાખી જોવા ગયેલ તો જગદિશભાઇનાઓનું બનાવ સ્થળે મૃત્યુ થયેલ હતુ અને અકસ્માત કરનાર ટ્રક ત્યાં ઉભી હતી. બનાવને ઘણો સમય થઇ ગયેલ હોય ટ્રકનો નંબર હાલ મને યાદ નથી. મને લોકો દ્બારા જાણવા મળેલ કે જગદીશભાઇનાઓ તેમના મામાના દિકરા ભરતભાઇ તેમજ એક નાના છોકરા સાથે મો.સા. ઉપર પસાર થતા હતા તે વખતે ટ્રક ચાલકે પોતાની ટ્રક પુરઝડપે હંકારી મો.સા. ને

પાછળથી ટક્કર મારેલ. આ બનાવમા ભરતભાઇનાઓને ખભાના ભાગે ઈજા થયેલ તેમજ તેમના દિકરાને સામાન્ય ઈજા થયેલ. ટ્રક ચાલકે મો.સા. ને ટક્કર મારતા જગદીશભાઇનાઓ ટ્રકના વ્હીલ નીચે આવી જતા ચગદાઇ જતા તેઓનુ મરણ થયેલ. આ બનાવ ટ્રક ચાલકની ભુલના કારણે બનેલ હોવાનુ અમે જાણેલ. ટ્રક ચાલક અકસ્માત કરી ટ્રક મુકી સ્થળ ઉપરથી ભાગી ગયેલ. પોલીસે મારૂ નિવેદન લીધેલ."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા સાહેદ જણાવે છે કે "એ વાત ખરી છે કે બનાવ કુલવાડી તળાવ પાસે વળાંકમા બનેલ. એ વાત ખરી છે કે તે વળાંકમા વળાંક શરૂ થાય ત્યારે અને વળાંક પુરો થાય ત્યારે બમ્પ આવેલ છે. એ વાત ખરી નથી કે બનાવ બન્યા પછી હુ ત્યા પહોચેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ગાડી ભરેલ હતી એટલે બ્રેક વાગેલ નહી. એ વાત ખરી નથી કે બનાવ બની ગયા પછી હુ ત્યા પહોચેલો. એ વાત ખરી છે કે બનાવ બની ગયા પછી હુ ત્યા પહોચેલો. સવાલ કોર્ટ દ્વારા – અગાઉ તમોએ બનાવ બની ગયા પછી હુ પહોચ્યો તે વાતમા વાત ખરી નથી તેમ જણાવેલ છે અને ત્યારબાદ ખરી છે તેમ જણાવેલ છે આ બંનેમા સત્ય શુ છે? જવાબ – બનાવ બન્યો તે સમયે હુ આવેલો. બનાવ મે રૂબરૂ જોયેલ નહી પરંતુ તે જ સમયે હુ પહોચી ગયેલ."

(૮.૪) વધુમાં ફરિયાદપક્ષે આંક–૯ થી સાહેદ પ્રદિપકુમાર દુર્લભભાઇને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "બનાવ એકાદ વરસ અગાઉ બનેલ. બનાવ વખતે હુ મારા ખેતરે હતો ત્યારે બપોરના આશરે ત્રણ વાગ્યાના આસપાસ મારા કાકાભાઇ વિનોદભાઇ ખંડુભાઇ નાઓએ ફોન કરી જણાવેલ કે કુલવાડી તળાવડી પાસે અકસ્માત થયેલ છે અને આપણા ફળીયાના જગદીશભાઇ ગુજરી ગયેલ છે. આથી અમો અકસ્માતવાળી જગ્યાએ ગયેલા અને જોયેલ તો અકસ્માત જેને થયો હતો તે અમારા ફળીયાના જગદીશભાઇ જ હતા અને

તેઓ ટ્રકના ટાયરની નજીકમા પડેલા હતા. તેમના માથા ઉપરથી ટ્રકનુ વ્હીલ ફરી ગયેલ હતુ અને તેમનુ મ્રુત્યુ થઇ ગયેલ હતુ. જગદીશભાઇ તથા તેમના મામાના દિકરા ભરતભાઇ તથા ભરતભાઇનો દિકરો શિવમ જે મો.સા. ઉપર આવેલા હતા તે મો.સા. ત્યા પડેલ હતુ. અને એક ટ્રક પડેલ હતી જેનો રજી. નં. ડીએન-૦૯-યુ-૯૬૧૫ હતો. અને ત્યા લોહી અને માંસના લોચા પડેલા હતા. સદરહુ અકસ્માત ટ્રક ડ્રાઇવરની ભુલના કારણે બનેલાનુ મે ત્યા ઉપસ્થિત લોકો દ્વારા જાણેલ. ભરતભાઇને હાથમા ઈજા થયેલ હતી અને શિવમને હાથ તથા પગમા છોલાઇ ગયેલ. બનાવ સમયે મો.સા. ને ટ્રક ચાલકે પાછળથી ટક્કર મારેલ હોવાનુ મે ત્યા હાજર લોકો દ્વારા જાણેલુ. પોલીસે મારૂ નિવેદન લીધેલ."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા સાહેદ જણાવે છે કે "એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારે હુ મારા ખેતરે હતો. એ વાત ખરી છે કે આ બનાવની જાણ મને વિનોદભાઇએ કરેલી ત્યારે ખબર પડી. એ વાત ખરી છે કે ટેલિફોનીક જાણથી હુ સ્થળ પર ગયેલ. એ વાત ખરી છે કે બનાવ કેવી રીતે બન્યો અને કોની ભુલના કારણે બનેલ તે હુ ચોક્કસ કહી શકુ નહી."

(૮.૫) વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૦ થી સાહેદ રમેશભાઇ કરશનભાઈને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "બનાવ એકાદ વરસ અગાઉ બનેલ. બનાવ વખતે હુ ઢોર માટે શેરડીના પિલા લેવા માટે જતો હતો તે વખતે કુલવાડી તળાવ પાસે આવેલ વળાંક પાસે પહોચતા ત્યા અકસ્માત થયેલ હતો. બનાવમા જગદીશભાઇ નાઓનુ એક ટ્રક સાથે અકસ્માત થયેલ હતો. મે ત્યા જોતા જગદીશભાઇ નાઓ ટ્રકના વ્હીલ નીચે આવી ગયેલ હતા અને તેઓના માથા ઉપરથી ટ્રકનુ વ્હીલ ચડી જતા તેઓનુ માથુ કચડાઇ ગયેલ હતુ. બનાવ સમયે જગદીશભાઇ નાઓ તેમજ એક બીજા ભાઇ તથા એક નાનો છોકરો મો.સા. ઉપર સવાર હતા તે મે જાણેલ. બનાવ સમયે ટ્રક ચાલકે મો.સા. ને

ટક્કર મારેલ હોવાનુ મે જાણેલ. જગદીશભાઇનાઓ સાથે સવાર ઇસમને હાથના ભાગે ઈજા થયેલ અને નાના છોકરાને વધુ ઈજા થયેલ. બનાવ સ્થળે મો.સા. તેમજ ટ્રક પડેલ હતા. પોલીસે મારૂ નિવેદન લીધેલ."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા સાહેદ જણાવે છે કે "એ વાત ખરી છે કે બનાવ કુલવાડી તળાવ પાસે વળાંકમા બનેલ. એ વાત ખરી છે કે વળાંક જયા આવેલ છે ત્યા વળાંક જયા શરૂ થાય ત્યા અને વળાંક પુરો થાય ત્યા બમ્પ આવેલ છે. એ વાત ખરી છે કે હુ ત્યા પહોચ્યો ત્યારે બનાવ બની ગયેલ અને ઘણાબધા માણસો ત્યા ભેગા થઇ ગયેલા. એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યાર પછી હુ પહોચ્યો તેથી બનાવ મારી નજર સમક્ષ બનેલ નથી."

(૮.૬) વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૧ થી સાહેદ નવીનભાઇ બાબુભાઈને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "બનાવ તા. ૧૩/૧/૨૦૨૧ ના રોજ બનેલ. બનાવના દિવસે હુ કુલવાડી મારા ઘરેથી એટીએમ મહુવા મા પૈસા ભરવા માટે જતો હતો અને કુલવાડી તળાવ પાસે પહોચતા ત્યા એક અકસ્માત થયેલ હતો અને લોકો ભેગા થઇ ગયેલ હતા તેથી મે મારૂ બાઇક ઉભુ રાખી અને જોયેલ તો એક મોટી હાઇવા ટ્રક હતી અને ટ્રકની બાજુમા પાછળના ભાગ તરફ મો.સા. પડેલ હતી અને ટ્રકના અંદરના ભાગે એક છોકરો પડેલ હતો અને તેના માથાના ભાગેથી વ્હીલ ફરી ગયેલ હતુ અને તે મરણ ગયેલ હાલતમા હતો. તેથી મે આજુબાજુ બધાને પુછુલ કે શુ થયુ અકસ્માત કેવી રીતે બન્યો અને મરણ જનાર છોકરો અમારા મહોલાનો હોય મે ઓળકી કાઢેલ તો તે જગદીશભાઇ નાઓ હતા. મને ત્યા ઉપસ્થિત લોકોથી જાણવા મળેલ કે જગદીશભાઈને ગાડી ચલાવતા આવડતી ન હતી જેથી તેની સાથે તેનો મામાનો છોકરો હતો તે મો.સા. ચલાવતો હતો અને તેમના મામાના છોકરાનો નાનો છોકરો પણ તેમની સાથે હતો. જગદીશભાઇના મામાના દિકરાને ખભાના ભાગે ફ્રેકચર થયેલ હતુ અને નાના છોકરાને છોલાઇ ગયેલ હતુ. અને

હાઈવા ટ્રકનો ડ્રાઈવર ગાડી મુકીને નાસી ગયેલ હતો આ ટ્રકનો નંબર શુ હતો તે હાલ હુ કહી શકુ નહી. મને ત્યા હાજર લોકોથી જાણવા મળેલ કે આ ટ્રક ડ્રાઈવરે પુરઝડપે આવી મો.સા. નં ટક્કર મારેલ અને જેના કારણે આ અકસ્માત બનવા પામેલ. ત્યારબાદ મહુવા પોલીસ આવેલ અને લાશને પીએમ કરવા સારૂ લઈ ગયેલા અને ટ્રકને કબજે કરેલાનુ મે સાંભળેલુ. પોલીસે મારૂ નિવેદન લીધેલ."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા સાહેદ જણાવે છે કે "એ વાત ખરી છે કે બનાવ કુલવાડી તળાવ પાસે વળાંકમા બનેલ. એ વાત ખરી છે કે વળાંક જયા આવેલ છે ત્યા વળાંક જયા શરૂ થાય ત્યા અને વળાંક પુરો થાય ત્યા બમ્પ આવેલ છે. એ વાત ખરી છે કે હુ ત્યા પહોચ્યો ત્યારે બનાવ બની ગયેલ અને ઘણાબધા માણસો ત્યા ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યાર પછી હુ પહોચ્યો તેથી બનાવ મારી નજર સમક્ષ બનેલ નથી."

(૮.૭) વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૪ થી પંચ દેવેન્દ્રભાઇ ઈશ્વરભાઈને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "પોલીસે આશરે દોઢ વર્ષ અગાઉ અમોને મોજે કુલવાડી ગામે તળાવ પાસે મહુવા નવસારી રોડ પાસે બોલાવેલા અને ત્યાં પહોચી પોલીસે અમોને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવાનુ હોય તે અંગેની સમજ કરતા અમોએ પોલીસને લખાવેલ કે, સદર જગ્યાએ જયેશભાઈ રમેશચંદ્ર પટેલ નાઓ હાજર હોય અને તેઓએ ગુનાવાળી જગ્યા બતાવતા હોય તે જગ્યા મહુવા નવસારી રોડ ઉપર કુલવાડી ગામે તળાવ પાસે વળાંકમાં આવેલ છે. સદર જગ્યાએ જે મહુવા નવસારી ઉત્તર દિશાથી દક્ષિણ દિશા તરફ જાય છે જ્યારે પુર્વ દિશા તરફ રોડ છોડીને વળાંક દર્શાવતો સાઈન બોર્ડ આવેલ છે. આ સાઈન બોર્ડ છોડીને ધીરૂભાઈ નગીનભાઈ પટેલનુ ખેતર આવેલ છે તથા પશ્ચીમ દિશામાં રોડની બાજુમાં બમ્પ દર્શાવતો સાઈન બોર્ડ આવેલ છે ત્યાર પછી રાધાબેન સન્મુખભાઈ વણઝારીયા નાઓનુ શેરડીનુ

ખેતર આવેલુ છે. સદર જગ્યાએ જોતા ડામર રોડ ઉપર આશરે દસ પંદર ફુટ સુધી ઘસરડા પડેલા હતા તથા સદર જગ્યાએ લોહીના ડાઘા પડેલા હતા. તે સિવાય ત્યાં અમારી રૂબરૂમાં પોલીસે કોઈ ચીજવસ્તુ કબ્જે કરેલ નહી. ઉપર મુજબનુ પંચનામુ પોલીસે અમારા લખાવ્યા મુજબનુ લખી લીધેલ અને તેના ઉપર પંચ નં.૧ તરીકે મારી સહી કરાવેલી. મારી સાથે બીજા પંચ તરીકે વિનોદભાઈ ખંડુભાઈ નાઓ હતા. મને આજરોજ પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, તેમાં પંચ નં–૧ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છું. સદર પંચનામાને રજુ દાખલ આંક–૧૫ આપવામાં આવે છે."

ત્યારબાદ સદરહુ પંચ ની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા પંચ જણાવે છે કે "અકસ્માતમાં મરણ જનાર મારા સંબંધી થતા હતા. બનાવના બીજા દિવસે મે પંચનામામાં સહી કરેલી. એ વાત ખરી છે કે મને પોલીસે બોલાવેલો. એ વાત ખરી નથી કે પોલીસે પંચનામુ કરેલુ અને તૈયાર પંચનામામાં મને સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. એ વાત ખરી છે કે પંચનામામાં હુ લખાવતો હોવ અને પોલીસ લખતી ગઈ હોય તેવુ બનેલુ નહી. એ વાત ખરી છે કે મે જયાં સહી કરેલી તે જગ્યા ઉપર વિનોદભાઈએ પંચ નં.૨ તરીકે સહી કરેલી. એ વાત ખરી નથી કે પોલીસે મને સહી કર્યા સિવાય બીજી કઈ માહિતી આપેલ નહી. "

(૮.૮) વધુમાં ફરિયાદપક્ષે આંક–૨૧ થી ત.ક.અમલદાર ભવરસિંહ સારંગજીને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "ગઈ તા.૧૩/૦૨/૨૦૨૧ ના રોજ અમો મહુવા પોલીસ સ્ટેશનમાં અમારી ફરજ ઉપર હાજર હતા તે દરમિયાન મહુવા પોલીસ સ્ટેશનના અમલદાર નાઓએ મહુવા પો.સ્ટે. ૧૧૨૧૪૦૩૧૨૧૦૨૮૪/૨૦૨૧ ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮,૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબની ફરિયાદી પરેશભાઈ બાબુભાઈ ગરાસીયાની ફરિયાદ આગળની તપાસ અમોને સુપરત કરેલ. જેથી અમોએ તપાસ સંભાળી લઈ સદર ગુનાના કામે ઈન્વેસ્ટ પંચનામુ

કરી, લાશનુ પોસ્ટમોર્ટમ કરાવી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, ગુના વાળી જગ્યાનુ પંચનામુ કરેલ તથા સદર ગુનામાં વપરાયેલ ટ્રક રજી. નં.DN.09.U.9614 નો એફએસએલ તથા આર.ટી.ઓ. પરીક્ષણ કરવા માટે યાદી આપેલ તથા આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોય અને આરોપી સામે ચાલીને હાજર થયેલ હોય તેને અટક કરેલ અને સાહેદોના મેડીકલ સર્ટી તથા પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવી ગયેલ હોય જેને સામેલ રાખી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. મે તા.૧૪/૦૨/૨૦૨૧ નારોજ કલાક ૧૦-૦૦ થી ૧૦-૩૦ સમય દરમિયાન દેવેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ ઉ.વ.૪૫, ધંધો-ખેતી, રહેવાસી-કુલવાડી, સુકલા ફળીયુ, તા.મહુવા, જી.સુરત તથા વિનોદભાઈ ખંડુભાઈ ગરાસીયા ઉ.વ.૫૪, ધંધો-ખેતી રહેવાસી-કુલવાડી, સુકલા ફળીયુ, તા.મહુવા, જી.સુરત નાઓ રૂબરૂ તેઓના લખાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ લખી લીધેલ. જે પંચનામુ આ કામે આંક-૧૫ થી રજુ છે. આરોપીને જોયેથી હું ઓળખુ છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે."

ત્યારબાદ સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા સાહેદ જણાવે છે કે "એ વાત ખરી છે કે ફરિયાદીએ જે ફરિયાદ આપેલ છે તેમાં તેમણે જણાવેલ છે કે તેમને ટેલીફોનથી બનાવની જાણ થયેલી. એ વાત ખરી છે કે તેમને ફરિયાદમાં લખાવ્યા મુજબ કોઈ ચાલકને જોયેલ નથી. એ વાત ખરી છે કે ફરિયાદીએ જે ફરિયાદ આપેલી તે પોલીસ સ્ટેશનમાં ટાઈપ કરવામાં આવેલી. પ્રશ્ન-એફ.આઈ.આર. માં ગુનો બન્યાની તારીખ-૧૩/૦૧/૨૦૨૧ ના કલાક ૧૫-૧૫ વાગ્યાના સુમારે તથા પોલીસ મથકે માહિતી આપ્યાની તારીખ-૧૩/૦૨/૨૦૨૧ ના કલાક ૧૭-૪૫ તો આ ફરિયાદ એક મહિનો લેટ આપ્યા અંગે તમારો કોઈ ખુલાશો છે? જવાબ-આ કામે બનાવ તા.૧૩/૦૨/૨૦૨૧ ના રોજ કલાક ૧૫-૧૫ વાગ્યાના સુમારે જ બનેલ છે અને તેની ફરિયાદ તે જ દિવસે ૧૭-૪૫ વાગે આપવામાં આવેલ છે પરંતુ ટાઈપીકલ ભુલના કારણે એફ.આઈ.આર.માં બનાવ તા.૧૩/૦૧/૨૦૨૧

ભુલથી લખાયેલ છે જે ખરેખર તા.૧૩/૦૨/૨૦૨૧ જ છે.

એ વાત ખરી છે કે ફરિયાદીએ તેની ફરિયાદમાં માત્ર ટ્રકનો નંબર જણાવેલ છે અને ટ્રકના ચાલકનો નામ ખબર નથી તેમ જણાવેલ છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા નવસારી થી મહુવા જતા જાહેર રોડ ઉપર કુલવાડી ગામ વળાંકમાં આવેલ છે. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાના થોડા આગળ પુલ આવેલો છે અને એ પુલના બંને છેડે બમ્ફ આવેલા છે અને બંને બમ્ફ પુરા થયા પછી બનાવ બનેલ છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા વળાંક પાસે ત્રણ થી ચાર રહેણાંકના ઘરો આવેલા છે. એ વાત ખરી છે કે આ કામે ઈજા પામનાર ભરતભાઈ દયાળભાઈ પટેલ સિવાયના તમામે તમામ સાહેદો કુલવાડી સુખલા ફળીયાના છે. એ વાત ખરી નથી કે સુખલા ફળીયાના જે સાહેદોના નિવેદનો લીધેલા તે તમામએ તમામ મરનારના સગાવાલા છે. એ વાત ખરી છે કે બનાવની જગ્યાથી કુલવાડી ગામ આવેલ છે ત્યાર પછી ફલુવાડી સુખલા ફળીયા આવેલ છે. એ વાત ખરી છે કે મે બનાવવાળા વળાંક પાસે જે ત્રણ થી ચાર ઘરો આવેલા છે તે ઘરોના કોઈ વ્યકિતના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે મે લીધેલ નિવેદનોમાં એકપણ સાહેદે ટ્રક ચાલકને જોયેલ હોય કે તેનુ વર્ણન દર્શાવ્યુ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવ તા.૧૩/૦૨/૨૦૨૧ નો છે અને ડ્રાઈવરની ધરપકડ તા.૧૯/૦૨/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલી છે. એ વાત ખરી નથી કે પોલીસ સ્ટેશનમાં બેસીને તૈયાર પંચનામુ કરેલુ અને ત્યારબાદ મરણ જનારના સંબંધીની પોલીસ સ્ટેશનમાં જ સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે સદર કામે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલુ છે."

(૮.૯) વધુમાં ફરિયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ ચક્રપાની સુધીશપ્રસાદને સોગંદ પર તપાસવામાં આવેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "બનાવ એકાદ વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે મારી માલીકીની ટ્રક નં. DN–09–U–9615 નો ડ્રાઈવર સદર ગાડી

લઈને વાપી મુકામે જતો હતો. ત્યારબાદ મારી પાસે અમારા ડ્રાઈવર રીંકુનો આશરે બપોર પછી ચારેક વાગેના અરશામાં મારા ઉપર ફોન આવેલ અને જણાવેલ કે ગાડીનું મહુવા તાલુકામાં સદર ગાડીનું અકસ્માત થયેલ છે. સદર અકસ્માત ટ્રક અને મો.સા. ચાલક વચ્ચે થયેલ છે. જેથી હું સેલ્વાસથી નીકળી અકસ્માતવાળી જગ્યાએ આવેલ અને બનાવવાળી જગ્યાએ જઇને જોતા ત્યાં કોઈ વાહનો કે માણસો હતા નહી. ત્યારબાદ હું મહુવા પો.સ્ટે. આવેલ જયાં મારી ટ્રક પો.સ્ટે.માં મુકેલ હતી. ત્યારબાદ હું મારી ટ્રક છોડી ત્યાંથી મારા ધરે પરત જતો રહેલ અને ચાર પાંચ દિવસ પછી મારા ડ્રાઈવર રીંકુને લઇને મહુવા પો.સ્ટે. આવેલ અને મહુવા પો.સ્ટે.માંથી રીંકુના જામીન કરાવેલ અને ગાડી છોડાવેલી. આ કામના આરોપીને હું જોયેથી ઓળખુ છું જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે તે જ છે."

ત્યારબાદ સદરહુ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી છે તેમા જણાવેલ છે કે "એ વાત ખરી છે કે અમારી ગાડી બુડોલીથી રેતી ભરી લાવી વાપી ખાલી કરવા સારૂ મુકેલી હતી. એ વાત ખરી છે કે બુડોલી રેતીના કારખાનાના મુકામે મારા બીજા મિત્રોની પણ ટ્રકો ચાલે છે. એ વાત ખરી છે કે બુડોલી રેતીના કારખાના પાસે અમે બધા ટ્રક માલીકોએ બીજા એક એક ડ્રાઈવર રાખેલા છે. એ વાત ખરી છે કે એક ડ્રાઈવર રેતી ભરીને આવે અને પાછો જાય ત્યારે બીજો ડ્રાઈવર બદલાઈ જાય છે. એ વાત ખરી છે કે આ બધા ડ્રાઈવરો એ અલગ અલગ ટ્રકો ઉપર ડ્રાઈવીંગ કરતાં હોય છે. એ વાત ખરી છેકે બનાવ વખતે જે ફોન કરેલાની હકીકત હું જણાવુ છું તે વખતે હું મારા ધરે હતો. એ વાત ખરી છે કે અકસ્માત બન્યો ત્યારે મારી ટ્રકમાં ડ્રાઈવર કોણ હતુ તે હું ધરે હોય જણાવી શકું નહી."

## (૯) <u>પુરાવાનો મુલ્યાંકન</u>

આરોપી સામેનો કેસ ફોજદારી સ્વરૂપનો હોય, ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈ અનુસાર આરોપી સામેનો કેસ નિઃશંકપણે સાબિત

કરવાનો સાબિતીનો બોજો ફરિયાદપક્ષના શીરે રહેલો છે.

આ કામે આરોપી સામે ઈ.પી.કો–૨૭૯ ના ગુન્હાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને ઈ.પી.કો. કલમ– ૨૭૯ મુજબનો ગુનો સાબિત કરવા માટે ફરિયાદપક્ષે પોતાના પુરાવાથી નીચે મુજબની વિગત સાબિત કરવી પડે.

૧. આરોપીએ જાહેરમાં રસ્તા ઉપર વાહન ચલાવેલ છે.

૨. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવુ વાહન ચાલવેલ છે.

૩. જેના કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

ઈ.પી.કો કલમ–૩૦૪(અ) મુજબનો ગુનો સાબીત કરવા માટે ફરિયાદપક્ષે પોતાના પુરાવાથી નીચે મુજબની વિગત સાબીત કરવી પડે.

૧. કોઈ વ્યકિતનુ મૃત્યુ નિપજયુ.

૨. આ મૃત્યુ આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપુર્વક આચરેલા કૃત્યના કારણે નિપજયુ.

૩. આ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ ન હતો.

મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ ને કલમ ૧૭૭ સાથે વાંચતા મુજબનો શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરિયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ લોકો માટે જોખમી હોય એવી ઝડપે/રીતે મોટર વાહન ચલાવેલ છે.

૨. આરોપીએ કોઈ વ્યકિતને અકસ્માત અને ઈજા કરેલ છે.

૩. આરોપી ડ્રાઈવરે કલમ–૧૩૪ ની ફરજોનુ પાલન કરેલ નથી.

ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત છે કે, આરોપી સામેનો ગુન્હો ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવો જોઇએ. ઉપરોકત કાયદાકીય જોગવાઇ અને ચુકાદાઓમાંથી પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો લક્ષમાં લેતાં, સ્પષ્ટ છે કે, આરોપી સામે જયારે બેફીકરાઇથી વાહન

ચલાવી અકસ્માત કરવાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદપક્ષે તે સાબિત કરવું જોઇએ કે બનાવ સમયે આરોપી જ વાહન ચલાવી રહયા હતા અને વાહન ચલાવવાનું આરોપીનુ કૃત્ય એટલી બેફીકરાઇથી અને બેદરકારીભર્યુ અને મનુષ્યની જીંદગી જોખમાય તેવું હતું કે જેથી આરોપીને અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે દોષિત ઠરાવી શકાય.

આમ, ઉપરોકત ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે જે પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ છે તે સમગ્ર પુરાવો ધ્યાને રાખી મૂલ્યાંકન કરવામાં આવે તો આંક-૪ થી ફરિયાદી પરેશભાઇ બાબુભાઈની જુબાની જોવામાં આવે તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે તેઓ બનાવ સમયે તેઓના કવાર્ટસ વલસાડ મુકામે હતા અને ત્યારબાદ આશરે સાડા ત્રણેક વાગ્યાના સમયે તેઓ ઉપર જયેશભાઈ રમેશચંદ્ર પટેલ નાઓનો ફોન આવેલ અને જણાવેલ કે તેઓના નાના ભાઈ જગદીશભાઈનુ કુલવાડી તળાવ પાસે એકસીડન્ટ થયેલ છે એવી માહિતી મળતા તેઓ કુલવાડી મુકામે અકસ્માત વાળી જગ્યાએ ગયેલ. તેમજ બચાવપક્ષે ઉલટતપાસમાં એવું જણાવી દીધેલ છે કે એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારે હું મારા ઘરે વલસાડ મુકામે હાજર હતો. એ વાત ખરી છે કે જયેશભાઈએ ફોન કરતા મને બનાવની જાણ થયેલ. એ વાત ખરી છે કે બનાવ કેવી રીતે બન્યો અને કોની ભુલના કારણે બન્યો તે મે નજરે જોયેલ નથી. આમ, સદરહુ ફરિયાદીએ બનાવ નજરે જોયેલ નથી અને તેઓને બનાવની જાણ ફોન દ્વારા થયેલી છે જેથી ફરિયાદીના પુરાવામાં શંકા ઉપસ્થિત થાય છે. તેથી ફરિયાદીના પુરાવા દ્વારા ફરિયાદ હકીકત પુરવાર થતી નથી.

વધુમાં ફરિયાદપક્ષે, આંક–૬ થી સાહેદ ભરતભાઇ દયાળજીભાઈની જુબાની જોવામાં આવે તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ ૧૩/૦૨/૨૦૨૧ ના રોજ હું મારી મોટર સાયકલ લઈને કુલવાડી મુકામે મારા નાના દિકરા જયનેશ તથા મારા ભાણેજ જગદીશ નાઓ સાથે જતા હતા તે વખતે એક ટ્રક ચાલકે મારી મોટર સાયકલને પાછળથી ટક્કર

મારેલ જેથી હું ટ્રકમાં વચ્ચેની સાઈડે ફસાઈ ગયેલ અને ટ્રક ચાલક અમને આશરે દસેક ફુટ જેટલો ઘસડી ગયેલ તે વખતે જગદીશભાઈ નાઓ ટ્રકના સ્પેર વ્હીલ વચ્ચે ફસાઈ ગયેલ અને સ્થળ ઉપર ગુજરી ગયેલ. મને અકસ્માત કરનાર ટ્રકનો નંબર યાદ નથી પરંતુ ટ્રકના ડ્રાઈવરનુ નામ રીન્કુભાઈ ચિત્તબહાલ નાઓ હતા મે જાણેલુ. તેમજ બચાવપક્ષે ઉલટતપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે મહુવાથી ધોળીકુઈ જતા વળાંક પાસે બનાવ બનેલો. એ વાત ખરી છે કે વળાંકમાં પુલ પુરો થાય ત્યાં પણ બમ્પ આવેલો છે અને વળાંક પુરો થાય ત્યાં પણ બમ્પ આવેલો છે. એ વાત ખરી છે કે પહેલો બમ્પ પુરો થતા સામેથી કયુ વાહન આવે તેવી ખબર પડતી નથી તેવુ વળાંક આવેલો છે. એ વાત ખરી છે કે બમ્પ પુરો થતા બીજો વળાંક આવે છે. એ વાત ખરી છે કે બનાવ સમયે બેભાન થઈ જવાથી ટ્રકનો નંબર અને ટ્રકના ચાલકને મે જોયેલ નહી. આમ, સદરહુ સાહેદની સમગ્ર ઉલટતપાસની સ્વીકૃત હકીકતો જોવામાં આવે તો સાહેદ બનાવ સમયે બેભાન થઇ ગયેલ હોય ટ્રકનો નંબર અને ટ્રક ચાલકને જોયેલ ન હોવાનું જણાવેલ છે તે સંજોગોમાં અકસ્માત આ કામના આરોપીએ જ કરેલ હોય તેવું કયાંય જણાય આવતું નથી તે સંજોગોમા આ સાહેદનો પુરાવો પણ શંકાસ્પદ બની જાય છે.

વધુમાં ફરિયાદપક્ષે આંક–૭ થી સાહેદ જયેશકુમાર રામચંદ્ર પટેલની જુબાની જોવામાં આવે તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે બનાવના દિવસે શનીવાર હોય હું શાળાએથી કુલવાડી ગામે પરત આવતાં ખબર પડેલ કે મારા કાકાના દિકરા જગદીશભાઇનાઓનું કુલવાડી તળાવ પાસે આવેલ વળાંકમાં અકસ્માત થયેલ છે. જેથી હું અકસ્માતવાળી જગ્યાએ જઇ જોયું તો જગદિશભાઇનાઓને ઈજા થયેલ અને તેઓ મરણ ગયેલ હાલતમાં પડેલ હતા તેઓને માથાના ભાગે વાગેલ. ટ્રક જેનો નંબર ધણો સમય થઇ ગયેલ હોય મને યાદ નથી. આમ, સદરહું સાહેદે પણ બનાવ નજરે જોયેલ નથી અને બનાવ બની ગયા બાદ બનાવ સ્થળે ગયેલ છે અને તેને વાહનનો નંબર પણ યાદ ન હોવાનું જણાવેલ છે તે સંજોગોમા આ સાહેદનો

પુરાવો ફરિયાદપક્ષનો કેસ સાબિત કરવામા મદદરૂપ નિવડતો નથી.

વધુમાં ફરિયાદપક્ષે આંક–૮ થી સાહેદ શૈલેષભાઇ રમણભાઈની જુબાની જોવામાં આવે તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે બનાવના દિવસે હું મારી મો.સા.માં પેટ્રોલ પુરાવી ત્રણેક વાગેના અરશામાં હું ધરે પરત આવતો હતો તે વખતે કુલવાડી ગામે તળાવ પાસે આવેલ વળાંકમાં અકસ્માત થયેલ હતો. અકસ્માત એક મો.સા. અને ટ્રક વચ્ચે થયેલ હતો અને ત્યાં ધણા લોકો ભેગા થઇ ગયેલ હતાં. જેથી હું મારી મો.સા. ઉભી રાખી જોવા ગયેલ તો જગદિશભાઇનાઓનું બનાવ સ્થળે મૃત્યુ થયેલ હતુ અને બનાવને ઘણો સમય થઇ ગયેલ હોય ટ્રકનો નંબર હાલ મને યાદ નથી. તેમજ બચાવપક્ષે ઉલટતપાસમાં એવું જણાવી દીધેલ છે કે એ વાત ખરી છે કે બનાવ કુલવાડી તળાવ પાસે વળાંકમા બનેલ. એ વાત ખરી છે કે તે વળાંકમા વળાંક શરૂ થાય ત્યારે અને વળાંક પુરો થાય ત્યારે બમ્પ આવેલ છે. એ વાત ખરી નથી કે બનાવ બન્યા પછી હું ત્યાં પહોંચેલ. એ વાત ખરી છે કે બનાવ બની ગયા પછી હું ત્યાં પહોંચેલો. આમ, આ સાહેદે પણ તેની ઉલટતપાસમાં બનાવ બની ગયા બાદ બનાવ સ્થળે પહોંચેલ જોવાનું જણાવેલ હોય તે સંજોગોમા પણ આ સાહેદનો પુરાવો શંકાસ્પદ બની જાય છે.

વધુમાં ફરિયાદપક્ષે આંક–૯ થી સાહેદ પ્રદિપકુમાર દુર્લભભાઇની જુબાની જોવામાં આવે તો તેઓએ સરતપાસમાં એવું જણાવેલ છે કે બનાવ વખતે હું મારા ખેતરે હતો ત્યારે મારા કાકાભાઇ વિનોદભાઇ ખંડુભાઇ નાઓએ ફોન કરી જણાવેલ કે કુલવાડી તળાવડી પાસે અકસ્માત થયેલ છે અને આપણા ફળીયાના જગદીશભાઇ ગુજરી ગયેલ છે અને બચાવપક્ષે ઉલટતપાસમા કબૂલ રાખેલ છે કે એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારે હુ મારા ખેતરે હતો. એ વાત ખરી છે કે આ બનાવની જાણ મને વિનોદભાઇએ કરેલી ત્યારે ખબર પડી. એ વાત ખરી છે કે બનાવ કેવી રીતે બન્યો અને કોની ભુલના કારણે બનેલ તે હું ચોક્કસ કહી શકુ નહી. આમ,

સદરહુ સાહેદ પણ બનાવ કોની ભુલના કારણે અને કેવી રીતે બન્યો તે જણાવતા ન હોય તે સંજોગોમાં ફરિયાદપક્ષનો કેસ નિશંકપણે પુરવાર થતો નથી.

વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૦ થી સાહેદ રમેશભાઇ કરશનભાઈની જુબાની જોવામાં આવે તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે બનાવ એકાદ વરસ અગાઉ બનેલ. બનાવ વખતે હું ઢોર માટે શેરડીના પિલા લેવા માટે જતો હતો તે વખતે કુલવાડી તળાવ પાસે આવેલ વળાંક પાસે પહોંચતા ત્યાં અકસ્માત થયેલ હતો. બનાવમા જગદીશભાઈ નાઓનુ એક ટ્રક સાથે અકસ્માત થયેલ હતો. જગદીશભાઇનાઓ સાથે સવાર ઈસમને હાથના ભાગે ઈજા થયેલ અને નાના છોકરાને વધુ ઈજા થયેલ. તેમજ બચાવપક્ષે ઉલટતપાસમાં એવું જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવ કુલવાડી તળાવ પાસે વળાંકમા બનેલ. એ વાત ખરી છે કે વળાંક જયા આવેલ છે ત્યાં વળાંક જયાં શરૂ થાય ત્યાં અને વળાંક પુરો થાય ત્યાં બમ્પ આવેલ છે. એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યાર પછી હું પહોંચ્યો તેથી બનાવ મારી નજર સમક્ષ બનેલ નથી. આમ, સદરહુ સાહેદે પણ અન્ય સાહેદોની જેમ બનાવ નજરે જોયેલ ન હોવાનું જણાવેલ છે ત્યારે આ સાહેદનો પુરાવો પણ ફરિયાદપક્ષનો કેસ સાબિત કરવામા મદદરૂપ નિવડતો નથી.

વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૧ થી સાહેદ નવીનભાઇ બાબુભાઈની જુબાની જોવામાં આવે તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે બનાવના દિવસે હું કુલવાડી મારા ઘરેથી એટીએમ મહુવા મા પૈસા ભરવા માટે જતો હતો અને કુલવાડી તળાવ પાસે પહોંચતા ત્યાં એક અકસ્માત થયેલ હતો અને લોકો ભેગા થઇ ગયેલ હતા. મને ત્યાં ઉપસ્થિત લોકોથી જાણવા મળેલ કે જગદીશભાઇને ગાડી ચલાવતા આવડતી ન હતી જેથી તેની સાથે તેનો મામાનો છોકરો હતો તે મો.સા. ચલાવતો હતો અને તેમના મામાના છોકરાનો નાનો છોકરો પણ તેમની સાથે હતો. ત્યારબાદ બચાવપક્ષે ઉલટતપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવ કુલવાડી તળાવ પાસે

વળાંકમા બનેલ. એ વાત ખરી છે કે વળાંક જયાં આવેલ છે ત્યાં વળાંક જયાં શરૂ થાય ત્યાં અને વળાંક પુરો થાય ત્યાં બમ્પ આવેલ છે. એ વાત ખરી છે કે હું ત્યાં પહોંચ્યો ત્યારે બનાવ બની ગયેલ અને ઘણાબધા માણસો ત્યાં ભેગા થઇ ગયેલા. એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યાર પછી હું પહોંચ્યો તેથી બનાવ મારી નજર સમક્ષ બનેલ નથી. આમ, સદરહું સાહેદે પણ બનાવ કેવી રીતે બનેલ હોય તે જોયેલ નથી અને બનાવ બન્યા બાદ ત્યાં પહોંચેલ હોય તે સંજોગોમાં આ સાહેદનો પુરાવો માનવાલાયક જણાતો નથી.

વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૪ થી પંચ દેવેન્દ્રભાઇ ઇશ્વરભાઇની જુબાની જોવામાં આવે તો સદર સાહેદો પંચ સાહેદો હોય જેથી તેઓની જુબાનીનો પુરાવો પંચનામાની હકીકતો પુરવાર કરવા માટે અગત્યનો હોય અને સદર સાહેદોની સરતપાસ વંચાણે લેતા તેઓ તેઓએ બનાવવાળી જગ્યાનું વર્ણન કરતો પુરાવો રજુ કરેલ છે, પરંતુ ઉલટતપાસમાં એવું જણાવી દીધેલ છે કે બનાવના બીજા દિવસે મે પંચનામામાં સહી કરેલી. એ વાત ખરી છે કે મને પોલીસે બોલાવેલો. એ વાત ખરી છે કે પંચનામામાં હુ લખાવતો હોવ અને પોલીસ લખતી ગઈ હોય તેવુ બનેલુ નહી. આમ, આ પંચ સાહેદોની જુબાનીથી પંચનામાની હકીકતો પુરવાર થતુ નથી તેમ અદાલતનું માનવું છે. જેથી પંચ સાહેદોની જુબાનીથી પંચનામાની હકીકતોને સમર્થન મળતુ ના હોય જેથી હાલના કામે પંચનામાને પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય નહી. વધુમાં જેથી સમગ્ર જુબાનીઓ વંચાણે લેતા પંચમાની હકીકત કે કેસની હકીકત પુરવાર થતી હોય તેવુ માની શકાય નહી જેથી એવુ કહી શકાય નહી કે હાલના આરોપીએ સદર ગુનો કરેલ છે અને જ્યારે સાહેદ પંચનામા અને કેસની હકીકતથી ઉલટ જુબાનીઓ આપતા હોય ત્યારે પંચનામાની અને કેસની હકીકત પુરવાર થતી હોય તેવુ કહી શકાય નહી અને હાલની જુબાની જોતા સરતપાસ અને ઉલટતપાસમાં તેઓ પંચમાની હકીકતથી અલગ અલગ હકીકતો જણાવે છે, જેથી તેમની જુબાનીમાં વિરોધાભાસ જણાય છે. તેઓનો પુરાવો સદર કેસની હકીકતોને સાબિત કરવામાં મદદરૂપ બનતો નથી. આમ,

તેઓની જુબાનીઓથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

વધુમાં ફરિયાદપક્ષે આંક-૨૧ થી ત.ક.અમલદાર ભવરસિંહ સારંગજીની જુબાની જોવામાં આવે તો તેઓએ સરતપાસમાં તેઓએ સરકારી ફરજના ભાગરૂપે કરેલ કામગીરીને અનૂરૂપ પુરાવો રજુ કરેલ છે અને બચાવપક્ષે ઉલટતપાસમાં જણાવેલ છે એ વાત ખરી છે કે ફરિયાદીએ તેની ફરિયાદમાં માત્ર ટ્રકનો નંબર જણાવેલ છે અને ટ્રકના ચાલકનો નામ ખબર નથી તેમ જણાવેલ છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા નવસારી થી મહુવા જતા જાહેર રોડ ઉપર કુલવાડી ગામ વળાંકમાં આવેલ છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા વળાંક પાસે ત્રણ થી ચાર રહેણાંકના ઘરો આવેલા છે. એ વાત ખરી છે કે આ કામે ઈજા પામનાર ભરતભાઈ દયાળભાઈ પટેલ સિવાયના તમામે તમામ સાહેદો કુલવાડી સુખલા ફળીયાના છે. એ વાત ખરી છે કે મે બનાવવાળા વળાંક પાસે જે ત્રણ થી ચાર ઘરો આવેલા છે તે ઘરોના કોઈ વ્યકિતના નિવેદનો લીધેલ નથી. આમ, સદરહુ સાહેદ ત.ક.અમલદારની ઉલટતપાસ જોવામાં આવે તો બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો મળી આવે તેમ હોવા છતા તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામા આવેલ નથી કે સોગંદ પર તપાસવામા આવેલ નથી તે સંજોગોમાં ફરિયાદપક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે.

વધુમાં ફરિયાદપક્ષે આંક-૨૩ થી સાહેદ ચક્રપાની સુધીશપ્રસાદની જુબાની જોવામાં આવે તો તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે બનાવના દિવસે મારી માલીકીની ટ્રક નં. DN-09-U-9615 નો ડ્રાઈવર સદર ગાડી લઈને વાપી મુકામે જતો હતો. ત્યારબાદ મારી પાસે અમારા ડ્રાઈવર રીંકુનો આશરે બપોર પછી ચારેક વાગેના અરશામાં મારા ઉપર ફોન આવેલ અને જણાવેલ કે ગાડીનું મહુવા તાલુકામાં સદર ગાડીનું અકસ્માત થયેલ છે. હું સેલ્વાસથી નીકળી અકસ્માતવાળી જગ્યાએ આવેલ અને બનાવવાળી જગ્યાએ જઈને જોતા ત્યાં કોઈ વાહનો કે માણસો હતા નહી.

તેમજ બચાવપક્ષે ઉલટતપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે બુડોલી રેતીના કારખાનાના મુકામે મારા બીજા મિત્રોની પણ ટ્રકો ચાલે છે. એ વાત ખરી છે કે બુડોલી રેતીના કારખાના પાસે અમે બધા ટ્રક માલીકોએ બીજા એક એક ડ્રાઇવર રાખેલા છે. એ વાત ખરી છે કે એક ડ્રાઇવર રેતી ભરીને આવે અને પાછો જાય ત્યારે બીજો ડ્રાઇવર બદલાઇ જાય છે. એ વાત ખરી છે કે આ બધા ડ્રાઇવરો એ અલગ અલગ ટ્રકો ઉપર ડ્રાઇવીંગ કરતાં હોય છે. એ વાત ખરી છે કે બનાવ વખતે જે ફોન કરેલાની હકીકત હું જણાવુ છું તે વખતે હું મારા ઘરે હતો. એ વાત ખરી છે કે અકસ્માત બન્યો ત્યારે મારી ટ્રકમાં ડ્રાઇવર કોણ હતુ તે હું ઘરે હોય જણાવી શકું નહી. આમ, આ સાહેદને બનાવની જાણ ફોન દ્વારા થયેલી હોય તેઓએ બનાવ નજરે જોયેલ ન હોય તે સંજોગોમાં બનાવ કેવી રીતે બનેલ તે જણાવતા ન હોય તે સંજોગોમાં આ સાહેદનો પુરાવો શંકાસ્પદ બની જાય છે. આમ, આ કેસમા ફરિયાદી, પંચો અને સાહેદોના પુરાવા થકી ફરિયાદપક્ષનો કેસ નિશંકપણે પુરવાર થતો નથી.

ફરિયાદપક્ષે આરોપીને દોષિત ઠરાવવા ઉપરોકત વ્યાખ્યામા જણાવેલ તત્વો સાબિત કરવા પડે પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરિયાદપક્ષ ઇ.પી.કો કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ માં જણાવેલ તત્વો સાબિત કરી શકેલ નથી.

વધુમાં, કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર **(Beyond Reasonable Doubt)** પુરવાર કરવો પડે.

આ સબબ નામદાર સુપ્રિમ કોર્ટે "**મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ (NCT of Delhi) ૨૦૧૦(૬) એસ.સી.સી.૧**" માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

**"197. In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration**

> **system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our jurisprudence an accused is presumed to be innocent till proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contaimed in Article- 20 and 21 of the Constitution of India.“**

આમ, ઉપરોકત તમામ ચર્ચા, કેસની હકીકત, રજૂ થયેલ પુરાવો તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતાં અત્રેની કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે, આ કામે આરોપીઓ વિરૂધ્ધનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી.

(૧૦) આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામના આરોપીએ ઈ.પી.કો.ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ મુજબનો ગુનો કરેલ હોઈ તેવું પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ આ અદાલતનું માનવું છે. તેથી **મુદા નં.૧** નો જવાબ "**નકારમાં**" અને **મુદા નં.૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**--// હુકમ //--**

(૧) આ કામના આરોપી રીંકુ ચિત્તબહાલ યાદવ, રહે.ડુંગરી ફળિયું, ડુંગરા, તા.વાપી, જિ.વલસાડનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે આરોપીએ રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના છ માસની મુદત માટે જામીન રજુ કરવાં.

હુકમ આજરોજ તારીખ ૦૪થી માહે ઓગસ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪ /૦૮/૨૦૨૬
મહુવા, જિ.સુરત

**(પી.એન.પુરાણી)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડી.મેજી.ફ.ક.,**
**તા.મહુવા જિ.સુરત**
**કોડ નં.જીજે૦૧૭૩૭**